નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્ ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલા -લીલીયા વિધાનસભામાં આરોગ્યના નવા સબ સેન્ટર બનાવવા માટે ૭૨.૫૬ લાખ મંજુર કરાવતા

# ધારાસભ્ય શ્રી મહેશ ભાઈ કસવાલા







## સાવરકુંડલા તાલુકાના વંડા ગામ તેમજ લીલીયા તાલુકાના સનાળિયા ગામમાં સબ સેન્ટર બનાવથી ગામમાં આરોગ્યનો લાભ મળશે: શ્રી કસવાલા

સાવરકુંડલા -લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં બે નવા આરોગ્ય સબ સેન્ટર બનાવવાની મંજૂરી મળી છે. આ બંને સબ સેન્ટરના નિર્માણ માટે કુલ રૂ. 72.56 લાખનો ખર્ચ કરવામાં આવશે.ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું કે, સાવર કુંડલા તાલુકાના વંડા ગામ અને લીલીયા તાલુકાના સનાળિયા ગામમાં આ નવા સબ સેન્ટર બનવાથી ગ્રામીણ લોકોને તેમના ગામમાં જ આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ સબ સેન્ટરોમાં સગર્ભા માતાઓ, બાળકો અને વૃદ્ધો માટે રસીકરણ, જરૂરી દવાઓ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવી નિયમિત તપાસ સહિતની અનેક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ નિર્ણયથી ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ સબ સેન્ટરોથી લોકોને નાના-મોટા રોગોની સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂરિયાત રહેશે નહીં.આરોગ્ય સુવિધાઓના વિસ્તરણ માટે સતત રજૂઆતો કરનાર શ્રી કસવાલાએ જણાવ્યું કે, સરકારની આ સંવેદનશીલતાથી ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યની સ્થિતિ સુધારવામાં મોટી મદદ મળશે. આ નવા સબ સેન્ટરોનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.આ નવા સેન્ટર મજુર કરવા બદલ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રપટેલ સાહેબ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ નો આભાર ધારાસભ્ય શ્રી મહેસભાઈ કસવાલાએ માન્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ઐતિહાસિક યુ.એસ. કેપિટલની મુલાકાત લેતા સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા





અમેરિકાનની યાત્રા દરમિયાન વોશિંગ્ટન ડી.સી. સ્થિત ભવ્ય અને ઐતિહાસિક યુ.એસ. કેપિટલની મુલાકાત સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ લીધી હતી. અને જણાવ્યું હતું કે આ ઈમારત અમેરિકાની લોકશાહીનો ધબકાર અને પ્રજાની આશા-અવાજની સંસદીય પ્રક્રિયાનું પ્રતિબિંબ છે.હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં અમેરિકાના દરેક રાજ્યમાંથી ચૂંટાઈને આવેલા સેનેટ્સ બેસે છે. જે જનતાનો અવાજ બની લોકશાહીને વધુ મજબૂત બનાવે છે. વિશ્વની સૌથી જૂની લોકશાહીના દરબારમાં રોજ દેશના વિકાસ, ન્યાય અને નાગરિક હિત માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવાય છે. આ હાઉસના કમિટી રૂમ્સ, ઓલ્ડ સેનેટ ચેમ્બર અને ચર્ચાના મંચ ચિંતન અને ચર્ચા થકી જનસેવાના ઊંડા મૂલ્યોને પ્રકાશિત કરે છે.આ મુલાકાતથી લોકશાહી માત્ર એક શાસન પ્રણાલી નહીં પરંતુ નાગરિકો પ્રત્યેની નમ્ર જવાબદારી અને શક્તિશાળી સંવાદ હોવાની અનુભૂતિ થઈ. આ હાઉસ પ્રત્યેક સેનેટના જનહિત માટે અવાજની સાક્ષી આપે છે. તેવું સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સંનિષ્ઠ - સેવાભાવી-નિષ્ણાત ડોક્ટર જે.બી. વડેરા સાહેબ



80 વર્ષિય ડોક્ટર કે જેમણે M.B.S.S., M.S. પૂર્ણ કર્યાં પછી સૌરાષ્ટ્ર નાં જુદા જુદા શહેરોમા સરકારી નોકરીઓમાં ટાંચા સાધનો,અપૂરતો સ્ટાફ અને મર્યાદિત સગવડતાઓ વચ્ચે પોતાની કુશળતા નું શ્રેષ્ઠ યોગદાન નિભાવી વિકટ પરિસ્થિતિ ના દર્દિનારાયણની સફળતા પૂર્વક ની સર્જરી કરીને એમના દિલમાં આગવું સ્થાન જમાવી ચૂક્યાં છે,

સાવરકુંડલામા પોતાની આસુતોષ હોસ્પિટલ છેલ્લા 41 વર્ષથી દર્દીઓથી ઉભરાતી રહી છે. પોતે સર્જન હોવાથી કુશળતા પૂર્વક ની વાઢકાપ,સારવાર - સંભાળ પોતાની આગવી પદ્ધતિ થી કરતાં રહીને સમગ્ર સાવરકુંડલા તાલુકાના દર્દીઓ જ નહીં પણ સર્વ સમાજમાં મોભાભર્યું સ્થાન પામી ચૂક્યા છે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન, રઘુવંશી સમાજ,નૂતન કેળવણી મંડળ,રામજી અમરશી ચેરીટેબલ માં અને અન્ય સંસ્થાઓ માં આપની કાર્યકુશળતાની અને અનુદાન ની નોંધ લેવાઈ ચૂકી છે,આસુતોષ હોસ્પિટલમાં આવતાં દર્દીઓ ની આર્થિક નબળી સ્થિતિ વખતે આપનું દાયિત્વ-યોગદાન અને ઉદારતા હૃદય સ્પર્શી રહ્યાંછે, આવી બહુવિધ પ્રતિભા ધરાવતા ડોક્ટર વડેરા સાહેબનું સન્માન્માર્થે યોજાય રહેલ "મહા રક્ત દાન- રક્ત તુલા કેમ્પ" ને સફળ બનાવવા તાલુકાની જનતાને આ યજ્ઞિય કાર્ય માં જોડાવા માટે હૃદય પૂર્વક ની નમ્ર અપીલ છે.

સ્નેહીજનો ,:: મુકુંદભાઈ નાગ્રેચા , પંકજભાઈ ગાંધી,નયનભાઈ ગાંધીના જય કામનાથ,જય યોગેશ્વર જય શ્રી કૃષ્ણ.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજે 19 ઓગષ્ટ "વર્લ્ડ ફોટોગ્રાફી ડે "



પ્રકૃતિ ના રોદ્ર,શાંત અને રમ્ય રુપો ને પોતાના મોબાઈલ ના કેમેરા મા આબાદ કંડારી લેતા પ્રકૃતિપ્રેમી દિલુભાઈ.એમ. ખુમાણ દ્વારા સમયાંતરે લેવાયેલ વિવિધ તસ્વીરો આજ 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે 'પર ખાસ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા નગરપાલિકામાં બિરાજમાન શ્રી જશોનાથ મહાદેવની મહાઆરતી સંપન્ન શિવભક્તો ભાવવિભોર...



## સાવરકુંડલા નગરપાલિકામાં બિરાજમાન જશોનાથ મહાદેવની મહાઆરતીનું ભવ્ય આયોજન

સાવરકુંડલા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસ નિમિત્તે સાવરકુંડલા નગરપાલિકા ખાતે બિરાજમાન દેવાધિદેવ જશોનાથ મહાદેવની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિવભક્તો ઉપસ્થિત રહ્યા હતા.આરતી બાદ તમામ શિવભક્તોએ મહાપ્રસાદનો અનેરો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ ભક્તિમય માહોલમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રાવણ માસના અંતિમ સોમવારના રોજ બાબરામાં મહાદેવને હરિહરનો શણગાર કરાયો



17 ઓગસ્ટ 2025 શ્રાવણ માસના અંતિમ સોમવારના રોજ બાબરામાં પંચકુંડ જગ્યામાં નીલકંઠ મહાદેવના શ્રાવણ માસમાં દરરોજ અલગ અલગ શણગાર કરવામાં આવે છે ત્યારે શ્રાવણ માસના અંતિમ સોમવારે મંદિરના મહંત ભાવેશ ગીરી બાપુ દ્વારા નીલકંઠ મહાદેવને હરિહર નો શણગાર કરાવવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા દર્શન કર્યા હતા અને બધાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલીમાં 20 ઓગષ્ટ થી જિલ્લા કક્ષાની જવાહરલાલ નહેરુ હોકી સ્પર્ધા યોજાશે...



સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે અને અમરેલી જિલ્લા રમત ગમત અધિકારી કચેરી દ્વારા જવાહર નહેરુ જૂનિયર હોકી સ્પર્ધા અમરેલીમાં 20મીથી યોજાશે.અમરેલી સ્પોર્ટસ સંકુલ (ચિતલ રોડ) ખાતે તા.20ને બુધવારના રોજ યોજાનારજિલ્લા કક્ષાની હોકી સ્પર્ધામાં જિલ્લાની તમામ શાળાના જુદી-જુદી વય જૂથના વિદ્યાર્થીઓ-ખેલાડીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધા માટે તમામ શાળાઓએ તા.20ના રોજ સ્પોર્ટ્સ સંકુલ ચિતલ રોડ, અમરેલી ખાતે શાળાની એન્ટ્રી મેળવી, સ્પર્ધા સ્થળે સીધું આવવું પડશે. અમરેલી જિલ્લાની તમામ શાળાના ખેલાડીઓ માટે વિવિધ વયજૂથની જવાહરલાલ નહેરુ હોકી 42મી સબ જુનિયર હોકીટુર્નામેન્ટ (અંડર-15) ભાઈઓ, અને ડમી નહેરું જૂનિયર છેક ટુર્નામેન્ટ (અંડર-17) ભાઈઓ, 31મી નહેરૂ જુનિયર હોકી ટુર્નામેન્ટ (અંડર-17) બહેનો માટેની સ્પર્ધા યોજાશે, જેમાં ખેલાડી ભાઈ-બહેનો તા.1-11-2008 પછી જન્મેલા હોવા જોઈએ. આ સ્પર્ધામાં વધુમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ-ખેલાડીઓને ભાગ લેવા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

# કે.ડી. NEWS


નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ખાંભા ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી થઈ...





ખાંભાના રાધકૃષ્ણ મંદિર,સ્વામિનારાયણ મંદિર,રામજી મંદિર ગાયત્રી મંદિર,હવેલી, સહિતના મંદિરો માં કૃષ્ણ જન્મોત્સવ ની દિવ્ય - ભવ્ય ઉજવણી થઈ હતી. ખાંભા રાધાકૃષ્ણ મંદિરે આતશ બાજી, મટકી ફોડ,સાક્ષાત બાળ કાનુડો, નંદ બાવા... તેમજ કલાત્મક ઝુલ્લા સમુદ્ર મંથન નો ભવ્ય ફ્લોટ્સ તૈયાર કરવા માં આવેલ.તેમજ સહજાનંદ ગુરુકુળ મંદિરે ચોકલેટ નાં ઝુલ્લા તેમજ વિવિધ ફ્લોટ્સ તૈયાર કરવા માં આવેલ. તેમજ અત્રે ની શ્રી નાથજી હવેલી ખાતે પણ હિંડોળા દર્શન સાથે ભવ્ય ઉજવણી કરવા માં આવેલ.દરેક મંદિરો માં બોહળી સંખ્યા માં ધર્મપ્રેમી ભાઈ ઓ બહેનો... હાજર રહી કૃષ્ણ જન્મોત્સવ ની આસ્થાભેર ઉજવણી કરવા માં આવેલ હતી.શ્રાવણ વદ આઠમ તારીખ 16 ઓગસ્ટ 2025 રાત્રે 12:00 કલાકે ભગવાન શ્રીકૃષ્ણના વધામણા થયા હતા મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા શ્રી કૃષ્ણનો જય જય કાર કર્યો હતો અલગ અલગ શણગાર કરવામાં આવ્યો હતો ધૂન કીર્તન ભગવાન શ્રીકૃષ્ણના જન્મ મહા આરતી પ્રસાદીનું આયોજન થયું હતું સમગ્ર વાતાવરણ કૃષ્ણમય થયું હતું ભગવાન શ્રી કૃષ્ણ અને સીતારામ રાધે કૃષ્ણ જય માતાજી ભગવાન શ્રી સ્વામિનારાયણ નો નાદ ગુંજી ઉઠ્યો હતો અંતે ઉલ્લેખનીય છે કે સ્વામિનારાયણ ગુરુકુળ ખાંભા ખાતે અનેક સેવાકીય પ્રવૃત્તિ ચાલે છે અને ઉત્સવોની ઉજવણી થાય છે. અને શ્રાવણ મહિનામાં અખંડ ધૂન પણ ચાલે છે. જ્યારે રાધાકૃષ્ણ મંદિર એ પણ અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિ ચાલે છે રામજી મંદિરોમાં પણ ધૂન કીર્તન ચાલે છે ત્યારે આઠમના રોજ જન્માષ્ટમીની ખાંભા ખાતે ભવ્ય અને દિવ્ય રીતે ઉજવણી થઈ હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રાવણ માસના અંતિમ સોમવારે ખાંભાના શિવાલયોમાં મહાદેવને વિશેષ શણગાર કરાયો

17 ઓગસ્ટ 2025 સોમવારના રોજ શ્રાવણ માસના અંતિમ સોમવાર હોવાથી ખાંભાના માનકેશ્વર મહાદેવ સિદ્ધેશ્વર મહાદેવ ગંગેશ્વર મહાદેવ ભીમેશ્વર મહાદેવ ઠાંગનાથ મહાદેવ જેવા શિવાલયોમાં વિશેષ રૂપે શણગાર કરાયો હતો. મોટી સંખ્યામાં શિવ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા ભોળા મહાદેવ ભવ દુઃખ કાપો નિત્ય સેવાનું શુભ ફળ આપો ના નાદ સાથે શિવાલય શિવમય થયા હતા. મોટી સંખ્યામાં વડીલો યુવાનો માતાઓ બહેનો દ્વારા શિવજીની આરાધના કરવામાં આવી હતી હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠ્યો હતો.






ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો
૫૦૧

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી માન્ય...

## સોનિક®
## જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા.

ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 15 મી ઓગસ્ટ સ્વતંત્રતા પર્વની શાળા નંબર 5 માં ભવ્ય ઉજવણી



આજરોજ શાળામાં 15 મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી સવારમાં બાળકોએ પ્રભાતફેરી કાઢી ત્યારબાદ શાળામાં ધ્વજ વંદન દિવ્યાંગ બાળકોના સ્પેશિયલ એજ્યુકેટર અજયભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં વોર્ડ નંબર 4ના કાઉન્સિલર ભુપતભાઈ પાનસુરીયા, ભાવેશભાઈ કવા ,જીગ્નેશભાઈ ટાંક , તેમજ ભૂતપૂર્વ કાઉન્સિલર ધર્મેન્દ્રભાઈ ચૌહાણ આરએસએસ શાખામાંથી મનોજભાઈ ગોહિલ, પુનિતભાઈ, રાજુભાઈ ડાભી ઉપસ્થિત રહ્યા હતા ત્યારબાદ આર.એસ.એસ શાખા દ્વારા ઘોષવાદન રજૂ કરેલ અને શાળાના બાળકો દ્વારા દેશભક્તિ ગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. શાળા ના આ.શિક્ષક શ્રી અરુણાબેન મૂંજાણી ને પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માનપત્ર મહેમાનો દ્વારા આપવામાં આવેલ. વિશાળ સંખ્યામાં વાલીગણ અને એસ.એમ.સી. સભ્યો ની ઉપસ્થિતિ રહી, તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા,શાળાના આચાર્ય શ્રી અભિષેકભાઈ પંડ્યા એ સ્વાતંત્ર્યપર્વની હાર્દિક શુભકામના આપી .કાર્યક્રમની આભારવિધિ હિરેનભાઈ જીકાદરા દ્વારા કરવામાં આવી કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાસ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી. જય હિન્દ, ભારત માતાકી જય..

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# રાજુલા તાલુકાના ઉચૈયા ગ્રામ પંચાયત કચેરીના બાંધકામ માટે મટીરીયલ ફાળવવા રજૂઆત

સરપંચ દ્વારા કરવામાં આવી રજૂઆત રાજુલા તાલુકાના ઉચિયા ગામે ગ્રામ પંચાયત કચેરીના મકાનના બાંધકામ માટે મટીરીયલ ફાળવવા માટે રજૂઆત કરવામાં આવી છે અને સરપંચ દ્વારા રજૂઆત કરવામાં આવી છે સરપંચ શ્રી પ્રતાપભાઈ વેપારિયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે અમારા ગામમાં આવેલ ગ્રામ પંચાયત કચેરીના નવા મકાનનું બાંધકામની કામગીરી મંદરેગા યોજના અંતર્ગત ચાલુ છે આ ગ્રામ પંચાયત કચેરીનું મકાન મંજૂર થયા ત્રણ વર્ષથી વધારે સમય થયેલ હોય પરંતુ માલ સામાન મટીરીયલ્સ ની ફાળવણીના અભાવે આજ દિન સુધી લિંટર લેવલ સંગીત અવસ્થામાં હોય આથી છ માસથી વધુ સમયથી સંપૂર્ણ કામગીરી બંધ હોય જેથી ગ્રામ પંચાયત કચેરીના બાદ કામ ઠપ થઈ ગયેલ છે ગ્રામ્ય કક્ષાએ આ સુવિધા ઉભી કરવા માટે મટીરીયલની ખાસ જરૂર હોય ત્યારે અવારનવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી મટીરીયલ ફાળવવામાં આવેલ નથી સરપંચ શ્રી દ્વારા ધારાસભ્ય તેમજ સંબંધિત અધિકારીઓને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે અને વહેલી તકે મટીરીયલ ફાળવવા માટે રજૂઆત કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# રાજુલાના પીપાવાવ ધામ થી સતાધાર સુધી પદયાત્રા જવાનો 42 વર્ષથી અનોખી માનતા આજે આ માનતા ના સંઘને રવાના કરવામાં આવ્યો



રાજુલાના પીપાવાવ ધામ ખાતે આવેલ રણછોડરાયજીના મંદિર ખાતે અનોખી શ્રદ્ધા અને આસ્થા જોવા મળી હતી અને પીપાવાવધામ થી સતાધાર સુધી પદયાત્રા કરવાનો આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો જાણવા મળતી વિગત મુજબ 1983 ની સાલમાં રૂડા ભગત નામના વ્યક્તિ પીપાવા ધામ રણછોડરાય ની જગ્યા થી સતાધાર સુધી પદયાત્રા જતા હતા આજે ત્રીજી પેઢી એ 27 વર્ષે પણ આ સિલસિલો યથાવત છે અને આજે પણ તેમના સંતાનો દ્વારા આ પદયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો આ પદયાત્રાને આજે વિદાયમાં આપવામાં આવ્યું હતું આ પદયાત્રાને આજે વિદાયમાં આપવામાં આવ્યું હતું જેમાં સરપંચ પ્રતાપભાઈ રવજીભાઈ બાંભણિયા મનુભાઈ ગુજરીયા માવજીભાઈ સાખટ ચંદ્રેશભાઈ બાંભણિયા માનસંગભાઈ જાદવ વાલાભાઈ ગુજરીયા ભાડાભાઈ જાંબુચા સહિતના આગેવાનોએ વિદાય આપી હતી અને આ અનોખી પરંપરાને જાળવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સમગ્ર ભારતમાં 8,000 પ્રતિસ્પર્ધીઓને પાછળ છોડી ઝાંખી સુહાગ્યા ચેમ્પિયન બની




ગત તારીખ 16 ઓગસ્ટ હૈદરાબાદ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય સ્તરની યુસીમાસ અબેકર્સ અને માનસિક ગણિત સ્પર્ધામાં , સાવરકુંડલાના પીઠવડી ગામની 13 વર્ષીય ઝાંખી ભગીરથભાઈ સુહાગ્યાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન ચેમ્પિયન નો ખિતાબ મેળવ્યો છે આ સ્પર્ધામાં સમગ્ર ભારતમાંથી 8,000 થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો જેમાં વિદ્યાર્થીઓએ માત્ર આઠ મિનિટમાં 200 જેટલા ગણિતના દાખલાઓ પેપર ,પેન ,કે કેલ્ક્યુલેટર વગર ઉકેલવાના હતાાં. સ્પર્ધામાં નેવિલ નાકરાણી તૃતીય ક્રમે, મોહમ્મદ હમઝા ચોથા ક્રમે, શ્રેયાંશ નાકરાણી ચેષ્ટા સુહાગિયા ટ્રોફી વિનસ બન્યા હતા. આ સ્પર્ધામાં માત્ર ગણિતની નહીં પણ જીવનને ગળતી કૌશલ્યોની પરીક્ષા છે જે બાળક અબેકસ અને માનસિક ગણિત શીખે છે તે ફક્ત હિસાબ જ નહીં પણ સમય વ્યવસ્થાપન ,દબાણ હેઠળ વિચારવાની શક્તિ ,ધ્યાન કેન્દ્રિત રાખવાની ક્ષમતા અને આત્મવિશ્વાસ જેવી ગુણવત્તાઓ પણ શીખે છે એબેકસ પદ્ધતિ બાળકના બંને બ્રેઈન એક સાથે સક્રિય કરીને તેને સર્વાંગી વિકાસ માટે તૈયાર કરે છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભાડે આપવાની છે...

**10 રૂમ, ઓસરી અને ફળિયું, રેસિડેન્શિયલ અને કોમર્શિયલ ઉપયોગ માટે યોગ્ય ભાડે આપવાની છે. સારી લોકેશન, સગવડયુક્ત જગ્યા**

દલાલભાઈઓએ તસ્દી લેવી.
એક મહિનાનું ભાડુ આપવામાં આવશે.

**સૂર્યોદય ચોક, ભુવા રોડ, સાવરકુંડલા**

**સંપર્ક: 93746 88700**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લામાં શ્રી ગણેશજીની માટીની બેઠક સહિતની મૂર્તિ૯ ફૂટથી વધુ ઉંચી બનાવવા, વેંચવા અને સ્થાપિત કરવી પ્રતિબંધિત

અમરેલી તા.૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ (મંગળવાર) શ્રી ગણેશ ઉત્સવ તા.૨૭-૦૮-૨૦૨૫થી શરુ થશે. અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી દિલિપસિંહ ગોહિલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, પર્યાવરણની તથા નાગરિકોની સુરક્ષાને લક્ષમાં રાખીને આવશ્યક પ્રતિબંધો મૂક્યા છે.જાહેરનામા મુજબ શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિત "૯ (નવ) ફૂટ" કરતા વધુ ઊંચાઈની મૂર્તિ અને પી.ઓ.પી.ની મૂર્તિ બેઠક સહિત ૫ (પાંચ) ફૂટ" કરતા વધુ ઊંચાઈની બનાવવા, વેંચવા કે સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા પર પ્રતિબંધ છે. વિસર્જન માટે નિયત સ્થળો અને મંજૂરી મેળવી તેમાં દર્શાવ્યા હોય તે સ્થળ સિવાય અન્ય કોઈ સ્થળ ખાતે વિસર્જન કરવા પર પ્રતિબંધ છે.મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ પર, જાહેરમાં ખુલ્લી રાખવા પર તથા મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મૂકવા, મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ન ઓગળી શકે તેવા કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા, કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિહ્નો કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેંચવા કે સ્થાપના કરવા પર, વિસર્જન સરઘસ માટે પરમીટમાં દર્શાવેલ રુટ સિવાય અન્ય રુટ પર શોભયાત્રા-સરઘસ કાઢવા, મૂર્તિઓને વિસર્જન કર્યા બાદ પાણીમાંથી બહાર કાઢી પરત લઈ જવા પર પ્રતિબંધ છે. આ જાહેરનામુ સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૧૯-૦૮-૨૦૨૫ થી તા.૦૯-૦૯-૨૦૨૫ સુધી અમલી રહેશે.

## નિયત વિસર્જન સ્થળો અને મંજૂરીમાં દર્શાવેલા સ્થળ સિવાય અન્ય કોઈ સ્થળે મૂર્તિનું વિસર્જન કરવું નહિ...

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

બેનર પ્રિન્ટીંગ

પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 19/08/2025

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા દ્વારા મહારકતદાન કેમ્પ યોજાશે...

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા દ્વારા સ્વ. ઉમાબેન જે. વડેરા ના સ્મરણાર્થે વી.ડી કાણાકીયા કોલેજ સાવરકુંડલા ખાતે મહારકતદાન કેમ્પ યોજાશે.

સાવરકુંડલા શહેરનાં ખ્યાતનામ અને સેવાભાવી ડો. જે.બી. વડેરા સાહેબનીરકતતુલા જેમાં તમામ રકતદાતાઓને બહોળા પ્રમાણમાં રકતદાન કરવા વિનંતી કરવામાં આવી છે. દરેક રકતદાતાઓને મળનારી ગીફ્ટ બ્લડબેંક તરફથી ટીફીન બોક્સ/ ડીનરસેટ, ડો. વિરલભાઈ વડેરા તરફથી ટી-સેટ,હિંમતભાઈ જે. લાખાણી તરફથી એન્ટી બેકટેરીયલ કુશન, રમેશભાઈ જયાણી (સહજાનંદ મોટર્સ) તરફથી હેન્ડબેગ, મનુભાઈ બી. વડેરા તરફથી ઓનેલ ઈલેકટ્રોલાઈટ ડ્રીંક આપવામાં આવશે. અને દરેક રકતદાતાઓનાં નામ પ્રકાશમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.જેમના સૌજન્ય : મહેતા રામજીભાઈ અમરશીભાઈ સાર્વજનિક સેનીટોરીયમ ટ્રસ્ટ છે. અનેલકકી ડ્રો ના પ્રથમ વિજેતાને એક ગ્રામ સોનાની લગડી ડો. ડીમ્પલબેન વડેરા દોશી તરફથી આપવામાં આવશે. ઉપરાંત લકકી ડ્રો ના બાકીના પાંચ વિજેતા રકતદાતાઓને મહેતા રામજીભાઈ અમરશીભાઈ સાર્વજનિક સેનીટોરીયમ ટ્રસ્ટ દ્વારા ૧૦ ગ્રામ ચાંદીના સિકકા ગીફ્ટ આપવામાં આવશે.વધુ વિગત માટે સંપર્ક : મેહુલ બી. વ્યાસ - મો. ૯૪૨૬૨ ૨૮૫૭૪ નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય શ્રી સતી માં

**આવી રહ્યો છે... ગ્રાહકો ના ઘરે ઘરે આનંદોત્સવ**

**સૌભાગ્યનો સંદેશ આવી ગયો છે... આપનું ભાગ્ય ચમકી રહ્યું છે...**

"સોના થી સમૃદ્ધિ ચમકે, સંપત્તિ ચમકે, સૌંદર્ય ચમકે,
સુરક્ષા ચમકે, શ્રૃંગાર ચમકે...પણ હવે "સૌભાગ્ય" પણ ચમકશે!"




# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ – 2025

તો એડવાન્સ બુકિંગ ની શુભ શરુઆત થઈ ગઈ છે
તો એડવાન્સ બુકિંગ માટે આજે જ અમારા શો - રૂમ માં પધારો

**જેમાં છે બમ્પર ઈનામો નો વરસાદ.. જેમાં છે. 1 થી 5 બમ્પર ઈનામ**
**6 મારુતિ અલ્ટો30 * 7 એકટીવા 90 * 8તથા અન્ય મોટા ઈનામો**

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા

# TB પેશન્ટ કીટ વિતરણ યોજાશે...

20 ઓગસ્ટ 2025 બુધવારના રોજ સવારે 9:00 કલાકે લોહાણા વિદ્યાર્થી બોર્ડિંગ મહુવા રોડ સાવરકુંડલા ખાતે સાવરકુંડલા શહેરમાં ટીબી થી પીડાતા દર્દીઓ માટે લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા દ્વારા પૌષ્ટિક કીટનું વિતરણ યોજાશે. જેમાં પૂજ્ય ભક્તિરામ બાપુ, ડો મીના સાહેબ, ડો. મનીષભાઈ જયાણી, સંજયભાઈ મહેતા કરસનભાઈ ડોબરીયા દેવચંદભાઈ કપોપરા મેહુલભાઈ ત્રિવેદી, પ્રતિકભાઈ નાકરાણી અષ્ટકકાંતભાઈ સૂચક, મેહુલભાઈ વ્યાસ સહિત રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો, ડોક્ટરશ્રીઓ ઉપસ્થિત રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલામાં મેગા થેલેસેમીયા કેમ્પ યોજાશે

## 21 ઓગસ્ટ 2025 ગુરુવારના રોજ સાવરકુંડલામાં મેગા થેલેસેમિયા કેમ્પ યોજાશે

ભગવાન શ્રીમહાવીર સ્વામીના અનુયાયી માતુશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલા વાળા (હાલ મુંબઈ)લાભાર્થી (સતત પાંચમુ વર્ષ) અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-સાવરકુંડલા દ્વારા મેગા થેલેસેમિયા કેમ્પ યોજાશે.કાણકીયા કોલેજ * મહિલા કોલેજ * અધ્યાપન મંદીર* નર્સીંગ કોલેજ ખડસલી વેટરનરી કોલેજના વિદ્યાર્થીઓ માટે તા. ૨૧/૮/૨૦૨૫, ગુરૂવાર સમય : સવારે ૮:૧૫ કલાકથી મેગા થેલેસેમીયા કેમ્પ યોજાશે .વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય થશે જેમાં સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, પૂર્વ સાંસદ શ્રી નારાયણભાઈ કાછડીયા, સાવરકુંડલા ના પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપ ભાઈ દુધાત,પ.પુ. ભકિતરામ બાપુ માનવ મંદિર, સાવરકુંડલા,શ્રી ઝેડ.વી. પટેલ સાહેબ પ્રાંત અધિકારીશ્રી,શ્રી જે.એન. પંડયા સાહેબ મામલતદારશ્રી,શ્રી વલય વૈદ્ય સાહેબ એ.એસ.પી.શ્રી,શ્રી એચ.એમ. અગ્રાવત સાહેબ (સાવરકુંડલા ટાઉન પોલીસ)શ્રી પી.એલ. ચૌધરી સાહેબ (પી.આઈ.શ્રી) (સાવરકુંડલા રૂરલ પોલીસ),શ્રી મેહુલભાઈ ત્રિવેદી પ્રમુખ, સાવરકુંડલા નગરપાલીકાડો. જે.બી. વડેરા,ચેરમેન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મેહુલભાઈ વ્યાસ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી,ડો. પીપળીયા સાહેબ વાઈસ ચેરમેન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સહિત રાજકીય સામાજિક ધાર્મિક આગેવાનો, અધિકારશ્રીઓ, ડોક્ટરશ્રીઓ ઉપસ્થિત રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ટીપટોપ કંડીશન/ટાઇટલ કલીયર મકાન વેચવાનું છે...

## બે રૂમ, રસોડુ, ઓસરી, ફળીયુ,ટોઇલેટ/બાથરૂમ, બધી સગવડતાવાળુ મકાન વેચવાનું છે.

### ફૈઝે મુસ્તુફા, સરવૈયા મંડપની બાજુમાં, સાધના સોસાયટી, સાવરકુંડલા.

**મળો. સીદીકભાઇ (પેપ્સીવાળા)**

**મો. 98249 74487**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી મહિલા અધ્યાપન મંદિર-સાવરકુંડલામાં સંસ્થાના દાતા શ્રી મુક્તાબેન ના સુપુત્રી શ્રી અર્ચનાબેન અને શ્રી ગીતાબેન ની શુભેચ્છા મુલાકાત



સાવરકુંડલા શ્રી મહિલા અધ્યાપન મંદિર માં સંસ્થા ના દાતા શ્રી મુક્તાબેન ના સુપુત્રી શ્રી અર્ચનાબેન અને શ્રી ગીતાબેન એ સંસ્થા ની મુલાકાત લીધી હતી.બંને બહેનો એ સંસ્થાને અને સંસ્થાની વિવિધ પ્રવૃતિઓને નિહાળી ખુશી વ્યક્ત કરી હતી. બંને બહેનો સંસ્થા પ્રત્યે શુભ લાગણી વ્યક્ત કરી હતી. અને તાલીમાર્થી બહેનોને મળી વિવિધ પ્રશ્નોત્તરી દ્વારા થતી કાર્ય પદ્ધતિ અને પ્રવૃત્તિઓથી વાકેફ થયા હતા. સંસ્થાના તાલીમાર્થી બહેનો એ અભિનય ગીત રજૂ કર્યું હતું., તે નિહાળી મહેમાન શ્રી એ ખુશી વ્યકત કરી હતી. આ તબક્કે સંસ્થાના પ્રમુખશ્રી નીલાબેન વાઘાણી, ઉપપ્રમુખ શ્રી નિરંજનાબેન તથા સંસ્થાના મંડળના અન્ય સભ્યો શ્રી ઉપસ્થિત રહ્યા હતા. ભગિની છાત્રાલય માંથી કુરેશીભાઈ પણ આ કાર્યક્રમ માં હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના આચાર્યશ્રી બાબુભાઈ ચાવડા, શ્રી ડો. રવિભાઈ મહેતા, શ્રી ભાવેશભાઈ કાકલોતર અને શ્રી રેણુકા અરુણાબેન ની કામગીરીને તેઓએ સંતોષકારક જણાવી બિરદાવી હતી.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

## મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
## તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# તા.૨૩ તથા ૨૪ ઓગસ્ટે અમરેલી ખાતે યોજાશે જિલ્લા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા

અમરેલી, તા.૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ (મંગળવાર) અમરેલી ખાતે તા.૨૩ તથા તા.૨૪ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષા કલા મહાકુંભ સ્પર્ધા યોજાશે. જેમાં તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા થનાર અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સીધી એન્ટ્રી કરનાર સહિતના સ્પર્ધકો ભાગ લેશે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે અમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરી અને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા અમરેલી સિવિલ હોસ્પિટલ સામે છે તે શ્રી કે.કે. પારેખ અને મહેતા આર. પી. વિદ્યાલય ખાતે તા.૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકેથી લોકનૃત્ય, રાસ, સમૂહગીત, ભરતનાટ્યમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), લગ્નગીત, લોકવાર્તા, કાવ્યલેખન,ગઝલ શાયરી, ઓર્ગન, હાર્મોનિયમ, ચિત્રકલા અને સુગમ સંગીત સહિત વિવિધ સ્પર્ધા યોજાશે. તા.૨૪ ઓગસ્ટ,૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ક્રમશઃ ગરબા, એકપાત્રીય અભિનય, કથ્થક, લોકગીત, ભજન, દોહા છંદ ચોપાઈ, તબલા, નિબંધ, વક્તૃત્વ અને સર્જનાત્મક કામગીરી, સ્કૂલ બેન્ડ સ્પર્ધા યોજાશે.અમરેલી જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં વિવિધ ૨૩ જેટલી કૃતિઓનું આયોજન છે. તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા કલાકાર અને સીધી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં એન્ટ્રી કરી હોય તે સ્પર્ધક કલાકારને આ સ્પર્ધામાં ઉપસ્થિત રહેવું. આ અંગે વધુ વિગતો અને જાણકારી માટે અમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરીનો સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

જાડન્ડ A4 પેકેટ ₹ 175 શરૂ મીનીમમ 10 પેકેટ
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જિલ્લા કલેકટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને યોજાઈ.. આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક





## પાણીજન્ય રોગ ન ફેલાય તે માટે ક્લોરિનેશન કામગીરી સઘન

અમરેલી, તા.૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ (મંગળવાર) અમરેલી જિલ્લા કલેકટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજે, જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ), નેશનલ વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે વિવિધ કામગીરી વિષયક વિસ્તૃત સમીક્ષા કરી હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે આરોગ્ય શાખા દ્વારા વર્ષ-૨૦૨૪ના એપ્રિલ થી શરુ કરી અને તા.૧૩ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી કરવામાં આવેલા રસીકરણની કામગીરીની વિગતો મેળવી હતી. રસી મેળવવાની બાકી હોય તેવા બાળકોને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે. ફિલ્ડ પર સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપી હતી. જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને આરોગ્યલક્ષી કામગીરીની સંકલન સમિતિ અન્વયે યોજાયેલ બેઠકમાં પણ વિવિધ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં હાલની પરિસ્થિતિએ સંચારી રોગની દ્રષ્ટિએ કોઈ રોગચાળો ફેલાયો નથી. જિલ્લામાં સિઝનલ ફ્લુનો ફેલાવો ન થાય અને સિઝનલ ફ્લુ થાય તેવા સમયે તકેદારીના ભાગરુપે આરોગ્યલક્ષી જરુરી સાધનો, દવાઓ, માસ્ક, ટ્રીપલ ટેસ્ટિંગ કિટનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે કે કેમ તે વિગતો જિલ્લા કલેકટરશ્રીએ મેળવી હતી. આ ઉપરાંત આ વર્ષે ચોમાસાની ઋતુમાં સીઝનલ ફ્લુ જેવી સ્થિતિ સર્જાય તો આરોગ્ય શાખા પાસે તે માટે જરુરી દવાઓ, માસ્ક સહિતનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાનું આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યુ હતુ. ચોમાસાની ઋતુમાં, મચ્છરજન્ય રોગચાળો ન ફેલાઈ તે બાબતે વિશેષ સાવધાની રાખવાના પગલાઓ ધ્યાને લેવા સૂચના આપવામાં આવી હતી. પીવાના પાણીના ક્લોરિનેશન સહિતની કામગીરી વધુ અસરકારક રીતે થાય તે માટે આગોતરું આયોજન હાથ ધરીને કામગીરી ઝડપથી કરવામાં આવશે. બેઠકમાં મચ્છર ઉપદ્રવ નિયંત્રણ માટે ફોગીંગ કામગીરી અને અન્ય પગલાઓ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ-તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ માર્ગદર્શિકા મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ થઈ શકે નહિ તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ જિલ્લા કલેક્ટરશ્રીએ આપી હતી. જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ દ્વારા તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ જુલાઈ-૨૦૨૫ દરમિયાન ૯૪ કેસ નોંધાયા હતા અને રુ.૧૨,૦૫૦ દંડની રકમની વસૂલાત કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૨૫થી જુન ૨૦૨૫ દરમિયાન આશરે ૫૩૬ કેસ નોંધાયા હતા અને રુ.૪૫,૨૫૫ દંડની રકમની વસૂલાત કરવામાં આવી હતી. બેઠકનું સંચાલન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ કર્યું હતુ. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આઈ.એમ.એ ચેરમેન શ્રી ગજેરા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા-તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ, વિવિધ કચેરીના અધિકારીશ્રીઓ-કર્મયોગીશ્રીઓ અને સમિતિના સભ્યશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ઓફર...ઓફર...ઓફર...

## નંબરવાળા ચશ્મા ઓન્લી રૂપિયા

LUCKY OPTICAL

## રૂ. ૬૯૯ રૂપિયામાં

## તેમજ તેમની સાથે નંબરવાળા ચશ્મા ફ્રી

જુનું ને જાણીતું નામ

# લકકી ચશ્મા ઘર

## મેઈનબજાર, ગાંધીચોક, સાવરકુંડલા. મો. ૭૭૩૮૪ ૨૩૮૨૩

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



# વિજયભાઈ અજમેરા

## સાવરકુંડલાનાં પ્રખ્યાત એડવોકેટ

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

**જીવનમાં એક વાત યાદ રાખવી સાતમ આઠમમાં રમવું નહીં..**

---

**પત્ની: તમને મારી કઈ બાબતની નવાઈ લાગી.**
**પતિ: જ્યારે તારા આઠમાં ધોરણનું પ્રમાણપત્ર જોયું કે શાંતિ અને મૌન પ્રિય વિદ્યાર્થીની..**

---

**પોલીસ: તમે કેમ જેલ માંથી ભાગ્યા**
**કેદી: જમવાનું સારુ નોહતું પોલીસ સળિયા કેમ તોડ્યા? કેદી : ભાખરી થી.**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 19/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 19 ઓગષ્ટ
# મહત્વની ઘટનાઓ

૧૭૫૭ – ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કોલકાતામાં રૂપિયાનો પ્રથમ સિક્કો બહાર પાડ્યો.

૧૯૧૯ – અફઘાનિસ્તાન યુ.કે.થી સંપૂર્ણ સ્વતંત્ર થયું.

૧૯૩૪ – ૧૯૩૪ના જર્મન જનમત સંગ્રહમાં હિટલરની ફ્યુહરર (Führer) શીર્ષક સાથે રાષ્ટ્રપ્રમુખ તરીકે નિમણૂકને મંજૂરી આપી.

૧૯૬૦ – સ્પુતનિક કાર્યક્રમ: સ્પુતનિક ૫ - સોવિયેત યુનિયને "બેલ્કા" અને "સ્ટ્રેલ્કા" નામક શ્વાનો, ૪૦ ઉંદર (mice), ૨ ઘુસ (rat) અને વિવિધ જાતની વનસ્પતિઓ સાથે ઉપગ્રહનું પ્રક્ષેપણ કર્યું.

## જન્મ

૧૮૮૭ – એસ. સત્યમૂર્તિ, ભારતીય વકીલ અને સ્વાતંત્ર્ય સેનાની (અ. ૧૯૪૩)

૧૯૦૪ – સરલા દેવી, ભારતીય સ્વતંત્રતા કાર્યકર, નારીવાદી, સામાજિક કાર્યકર, રાજકારણી અને લેખક (અ. ૧૯૮૬)

૧૯૦૭ – હજારી પ્રસાદ દ્વિવેદી, ભારતીય ઈતિહાસકાર, લેખક અને વિદ્વાન (અ. ૧૯૭૯)

૧૯૦૮ – વીર વિક્રમ કિશોર, ત્રિપુરા રજવાડાંના માણિક્ય વંશના મહારાજા (અ. ૧૯૪૭)

૧૯૧૦ – સંત આલ્ફોન્સા, ભારતીય મૂળના પ્રથમ મહિલા નન એમને કેથોલિક ચર્ચ દ્વારા સંત તરીકે કેનોનાઈઝ કરવામાં આવ્યા (અ. ૧૯૪૬)

૧૯૨૮ – શિવ પ્રસાદ સિંહ, ભારતીય હિન્દી લેખક (અ. ૧૯૯૮)

૧૯૫૦ – સુધા મૂર્તિ, ભારતીય લેખક અને શિક્ષક, ઈન્ફોસિસ ફાઉન્ડેશનના વડા

૧૯૬૬ – રઈશ મનીઆર, ગુજરાતી કવિ અને ગઝલકાર

## અવસાન

૧૯૦૬ – બદરુદ્દીન તૈયબજી, ભારતીય વકીલ અને રાજનેતા. બોમ્બે ઉચ્ચ ન્યાયાલયના પ્રથમ ભારતીય બેરિસ્ટર (જ. ૧૮૪૪)

૧૯૭૯ – હરભાઈ ત્રિવેદી, ગુજરાતના શિક્ષણવિદ્ (જ. ૧૮૯૧)

૧૯૯૩ – ઉત્પલ દત્ત, ભારતીય અભિનેતા, દિગ્દર્શક અને નાટ્યકાર (જ. ૧૯૨૯)

૨૦૧૫ – સનત મહેતા, ભારતીય રાજકારણી અને ગુજરાતના પૂર્વ નાણાં મંત્રી (જ. ૧૯૩૫)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ માનવતા દિવસ - સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





19/08/25
Tuesday

आत्मा

माँ एक ऐसा "कोर्ट" है जहाँ सभी गुनाहों की माफी मिलती है।

बाबास्वामी
19/8/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



બ્ર. પૂ. પા. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ

# પુર્ણ સમર્પણ

**આનંદઘન !**

દુઃખી જીવો પ્રત્યે દયા, પાપીઓ પ્રત્યે પણ સહાનુભુતિ,
દુર્જનો પ્રત્યે ઉદાસીનતા, નિરાશ્રિતો પ્રત્યે કરુણાભાવ,
શત્રુઓ પ્રત્યે ક્ષમાભાવ, મિત્રો પ્રત્યે હિતૈષિતા,
સજજનો સાથે સ્નેહ, ભકતો સાથે આત્મીયતા,
સંતોના ચરણોમાં અનુરાગ અને આપના ચરણોમાં
પુર્ણ સમર્પણભાવ સદાય બન્યો રહે એવી કૃપા કરજો,
કૃપાનાથ !

**પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ**

(- બ્ર. પૂ. પા. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના કૃપાપાત્ર સદ્‌શિષ્ય શ્રી)



Guru Sannidhya

સાનિધ્ય એન્ડ્રોઈડ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે આ QR સ્કેન કરો.

તારીખ : 19/08/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરુદેવ કહે છે

"લુપ્ત થઈને
તૃપ્ત થતા
રહેવાની
કળાનું નામ ?
પ્રેમ."



**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**

તારીખ : 19/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# વ્યાપારી માટે



## હોલસેલ ભાવે


## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ



લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 19/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી NEWS

તારીખ : 19/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973